જાણીતા કવયિત્રી શ્રીમતી કીર્તિદા બ્રહ્મભટ્ટના છઠ્ઠા બાળકાવ્ય સંગ્રહ 'પાંચીકડાં'નું વિમોચન




# ઈન્ટરનેટ બંધ થવાથી સોશ્યલ મીડિયાના બંધાણીઓની ઊંઘ હરામ...!!

ગાંધીનગર, તા.૨૭

એક તરફ પાટીદારના અનામત આંદોલને હિંસક સ્વરૂપ ધારણ કર્યુ જેમાં ઘણા બધા નગરજનોના નોકરી ધંધા અટવાઈ પડયા. બીજી તરફ રાજય સરકારે આ આંદોલન બાદ પેદા થયેલ પરિસ્થિતિને કાબુમાં લેવા વિવિધ પગલાં ભર્યા તેમાં સૌથી અગત્યનું પગલું રાજયભરમાં મોબાઈલ ઈન્ટરનેટ કનેકટીવીટી બંધ કરવાનું હતું. જેના કારણે ધડાધડ ફેલાતી અફવાઓ પર ઝડપથી કાબુ મેળવી શકાયો હતો. જો કે બે દિવસથી મોબાઈલ ઈન્ટરનેટ બંધ રહેવાથી તમામ નેટસેવી નગરજનો પરેશાન થઈ ઉઠયા હતા અને ખાસ કરીને સોશ્યલ મિડીયાના 'બંધાણી' બની ચુકેલા નેટીઝન્સ માટે તો આ બે દિવસ ખાવાનું પણ બરાબર ગળે ઉતર્યું નથી.

ઈન્ટરનેટ હવે જીવન જીવવાની સૌથી અગત્યની જરૂરિયાત બનતું જાય છે મોટા ભાગની સરકારી, બેકિંગ કે અન્ય વ્યવસાયિક સેવાઓ ઈન્ટરનેટ થકી જ ચાલી રહી છે. એક સામાન્ય નાગરિક માટે ઈન્ટરનેટ હવે રોજબરોજ નહી પરંતુ હર ઘડી ઉપયોગમાં લેવી પડતી જરૂરિયાત બની ચુકયું છે એમાં પણ ખાસ કરીને 'સ્માર્ટફોન'ના આગમન બાદ ઈન્ટરનેટ વગર તમામ અગત્યના કાર્યો અટકી પડતા જણાય છે. આ ઉપરાંત સોશ્યલ મીડિયા પણ લોકજીવનનું અભિન્ન અંગ બની ચુકયું છે. નાના બાળકોથી માંડીને યુવાનો, મહિલાઓ, વ્યવસાયિકો, નોકરિયાતો જ નહી પરંતુ સમાજસેવકો, રાજકીય અને ધાર્મિક આગેવાનો અને વરિષ્ઠ નાગરિકો સુધ્ધાં સ્માર્ટફોન પર સોશ્યલ મીડિયા પર 'ઓનલાઈન' હોય છે.




સોશ્યલ મીડિયા જેવા કે ફેસબુક, વ્હોટસએપ, લાઈન, ટવીટર અને ઈન્સ્ટાગ્રામ વગેરે યુવા હૈયાની લાગણીઓ વ્યકત કરવાનું અનિવાર્ય અંગ બની ગયા છે. આ સંજોગોમાં ઈન્ટરનેટ સેવા બંધ રહેવી તે તેમના માટે આકરી સજા સમાન બની રહે છે.

યુવા હૈયાંઓ લગભગ ૨૪ કલાક આ માધ્યમ દ્વારા પોતાના દિલની વાત આસાનીથી શેર કરી શકે છે તેથી તેનો બ્હોળો ઉપયોગ કરી રહ્યાં છે. આ કારણે યુવાનો પર સોશ્યલ મીડિયાના બંધાણી બની ચૂકયા હોવાના આક્ષેપો પણ થતા રહે છે. આ પરિસ્થિતિમાં આ ઈન્ટરનેટ સેવા બંધ થવાથી તેમને પ્રથમવાર આટલા લાંબા સમય સુધી સોશ્યલ મિડીયાથી અળગા રહેવું પડયું હતું. જે તેમના માટે આકરું સાબિત થયું છે. આ ઉપરાંત નગરના ઘણા નાગરિકો જેઓ સોશ્યલ મીડિયા પર ખુબ 'એકટીવ' હોવાથી તેમને પણ જાણે લેટેસ્ટ ટ્રેન્ડથી વિખૂટા પડી ગયા હોવાનો અહેસાસ સતાવી રહ્યો છે. ઘણા વ્યવસાયિકો તેમના ધંધા રોજગારના ફેલાવા માટે પણ આ માધ્યમનો ભરપૂર ઉપયોગ કરે છે તેઓ માટે પણ તેમનું 'માર્કેટીંગ' ઠપ્પ થઈ જવાથી અકળામણ અનુભવી રહ્યાં છે. રાતભર જાગીને ચેટિંગ કરતા નેટીઝન્સની નેટ બંધ થવાથી ઊંઘ હરામ થઈ જવા પામી છે.

## @ગાંધીનગર

● રૂદ્રાભિષેક મંડળ દ્વારા શિવ રૂદ્રાભિષેકનો કાર્યક્રમ ઉપેન્દ્રભાઈ દવેના નિવાસ સ્થાન પ્લોટ નં. ૧૧૪૧, સે-૩-ડી ખાતે ૪.૩૦ કલાકે યોજાશે.

● શ્રીમાળી બ્રાહ્મણ સમાજ દ્વારા શિવરૂદ્રાભિષેક તેમજ શિવ મહિમ્નના પાઠ ઉમેશભાઈ એચ. ઓઝાના નિવાસ સ્થાન ૧૫૨, સહકાર કોલોની, સે-૨૫ ખાતે રાત્રે ૮.૩૦ કલાકે યોજાશે.

● બ્રહ્મ બંધુ મિત્ર મંડળ દ્વારા શિવ મહિમ્ન સ્ત્રોત પાઠ અને શિવ વંદના દિલીપભાઈ જાનીના નિવાસ સ્થાન ૧૪૨/૧, બી-૧, ટાઈપ ગેટ નં. ૪ની સામે રાત્રે ૯ કલાકે યોજાશે.

● સે-૨૩ સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા શ્રાવણ માસ નિમિત્તે પુનમભાઈ ભટ્ટના નિવાસસ્થાન બ્લોક નં. ૨૫/૩, છ ટાઈપ ખાતે રાત્રે ૯ કલાકે શિવ મહિમ્ન પાઠ યોજાશે.

● સે-૬ સ્વામિનારાયણ મંદિર ખાતે રક્ષણહાર વિષય ઉપર પૂ. સ્વામીશ્રી દ્વારા સાંજે ૬.૩૦ કલાકે પ્રવચન અપાશે.

● સે-૨ સ્વામિનારાયણ મંદિર ખાતે ફ્રુટના હિંડોળા યોજાશે.

● સે-૩ રામેશ્વર મંદિર ખાતે પવિત્રા હિંડોળા યોજાશે.

● ગાંધીનગર તાલુકા પંચાયતના સખી મંડળોની બહેનો દ્વારા બનાવાયેલી રાખડીઓનું પ્રદર્શન અક્ષરધામ સામે ગ્રામ હાટ ખાતે સવારે ૯ કલાકે ખુલ્લુ મુકાશે.

**- નજાહખાનમ સૈયદ**



**પવિત્ર શ્રાવણ માસ દરમિયાન શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી સેકટર-૨૧, ગાંધીનગર ખાતે અલગ અલગ હિંડોળા કરી ઠાકોરજીને લાડ લડાવવામાં આવે છે. તે અંતર્ગત હિંડોળા ઉત્સવ દરમિયાન વૈષ્ણવ બહેનો દ્વારા ફૂલનો હિંડોળો ઠાકોરજી માટે સુંદર રીતે સજાવટ કરી તૈયાર કરવામાં આવેલ.**

## રક્ષાબંધન પર્વની સવારથી ઉજવણી કરવા જાથાની અપીલ

ગાંધીનગર, તા.૨૭

વર્ષ ૨૦૧૪માં ભદ્રા-વિષ્ટિ યોગ બલા રક્ષાબંધને નડવા આવી હતી પરંતુ લોકોએ સ્વયંભુ જાકારો આપી સવારથી ભાઈ-બહેનનો રાખડી બાંધવાનો ઉત્સવ લાગણીથી ઉજવ્યો હતો અને જયોતિષીઓના ફળકથનો દફનાવી દીધા હતા. આ વર્ષે પણ શનિવાર તા. ૨૯ ઓગસ્ટના રક્ષાબંધન પર્વે ભદ્રા-વિષ્ટિ યોગ બલાને કારણે બપોરે બે કલાક પછી રાખડી બાંધવી તેવું પ્રસિદ્ધિખોર જયોતિષીઓએ ફળકથનો કરી મુર્ખામીનું પ્રદર્શન કરતા તેને જાકારો તિલાંજલી આપી દેશમાં સવારથી જ ભાઈ બહેનના લાગણી સ્નેહનું પ્રતિક રાખડી બાંધી ઉત્સવ ઉજવવા ભારત જન વિજ્ઞાન જાથાની રાજય કચેરીએ અપીલ કરી છે.

## છેલ્લા પાંચ વર્ષ દરમિયાન ગાંધીનગરમાંથી ૧૫૭ બાળકોના અપહરણ થયા

ગાંધીનગર, તા.૨૭

ગુન્હાખોરીની બાબતમાં ગાંધીનગર જિલ્લાની સ્થિતિ અન્ય જિલ્લાઓ કરતાં સારી છે પરંતુ બાળકોના અપહરણના આંકડાઓ ચિંતા ઉપજાવે છે. છેલ્લા પાંચ વર્ષ દરમિયાન ગાંધીનગર જિલ્લામાંથી ૧૫૭ જેટલા બાળકોના અપહરણ થયા હોવાના આંકડા આજે વિધાનસભા ગૃહમાં રજુ થયા હતા.

વિધાનસભાના ચોમાસુસત્રના બીજા દિવસે વિરમગામના ધારાસભ્ય ડૉ. તેજશ્રીબેન પટેલે પુછેલા પ્રશ્નના ઉત્તરમાં રાજયમાં જિલ્લાવાર અપહરણ થયેલ બાળકોની વિગતો રજુ કરવામાં આવી હતી. છેલ્લા પાંચ વર્ષ દરમિયાન વિવિધ જિલ્લાઓમાંથી અપહરણ કરાયેલા બાળકો અને તે પૈકી પરત મળી આવેલા બાળકોની વિગતો આપવામાં આવી હતી. આ વિગતોનો અભ્યાસ કરતાં જાણવા મળે છે કે છેલ્લા પાંચ વર્ષ દરમિયાન ગાંધીનગર જિલ્લામાંથી ૧૫૭ જેટલા બાળકોના અપહરણ થયા હતાં. વધુ ચોંકાવનારી બાબત એ છે કે છેલ્લા બે વર્ષ દરમિયાન અપહરણ કરાયેલ બાળકોની સંખ્યા ખુબ વધી છે. ૨૦૦૯-૨૦૧૦ના વર્ષમાં ગાંધીનગર જિલ્લામાંથી ૧૮, ૨૦૧૦-૨૦૧૧ના વર્ષમાં ૧૫, ૨૦૧૧થી ૨૦૧૨ દરમિયાન ૨૬ અને ૨૦૧૨-૨૦૧૩માં ૪૯ અને ૨૦૧૩-૨૦૧૪ના વર્ષમાં ૪૯ બાળકોના અપહરણ થયા હોવાના ગુન્હા જિલ્લાના વિવિધ પોલીસ મથકોમાં નોંધાયા હતા. જો કે તે પૈકી કેટલાક બાળકોને શોધી કાઢવામાં જિલ્લા પોલીસને સફળતા પ્રાપ્ત થઈ છે.

## અનામત પ્રથાની રાષ્ટ્રીય સ્તરે પુનઃ સમીક્ષા જરૂરી : ડૉ. સોમભાઈ પટેલ

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગરના વિખ્યાત શૈક્ષણિક સંકુલ સર્વ વિદ્યાલય કેળવણી મંડળના કેમ્પસ ડાયરેકટર અને જાણીતા શિક્ષણવિદ ડૉ.સોમભાઈ પટેલે અનામત માટે વિવિધ સમાજો દ્વારા કરાઈ રહેલી માંગણીના સંદર્ભમાં અનામત પ્રથાના પુર્નવિચારનું મંતવ્ય પ્રસ્તુત કર્યું છે.

ડૉ. સોમભાઈ પટેલના કહેવા મુજબ અનામતના બારણાને ધક્કા મારી મારીને અનેક જ્ઞાતિ અંદર આવી ગઈ છે. હવે બાકીની જ્ઞાતિઓ બારીઓમાંથી અંદર આવવા પ્રયાસો કરી રહી છે. પાટીદારો સહિત અન્ય જ્ઞાતિના પ્રયાસો આ બાબતના દૃષ્ટાંતો છે. અનામતના અતિરેકનું આ રીએકશન છે જેનું પરીણામ વર્ગ વિગ્રહમાં આવે તેમાંથી બચવા રાષ્ટ્રીય સ્તરે અનામત પ્રથાની સમીક્ષા થવી અત્યંત જરુરી છે, પુર્નવિચાર કરવો જરુરી છે.

કેન્દ્ર સરકારે અનામતની સમીક્ષા કરવા રાષ્ટ્રીય સ્તરનું પંચ નીમવું જોઈએ અને પંચના કાર્યક્ષેત્રમાં ગરીબ-પછાત કુટંબો (જ્ઞાતિ-ધર્મ નિરપેક્ષ)ના સંતાનોને તેમની સ્થિતિના પ્રમાણમાં અભ્યાસમાં ફી માફીથી લઈ નિઃશુલ્ક હોસ્ટેલ સુવિધા સહિતની કેટલી સહાય આપી શકાય તેનો સમાવેશ કરવો જોઈએ.

## વાતવાતમાં

● બે દિવસની અજંપાભરી સ્થિતિ બાદ ધીમે ધીમે શાંતિનો માહોલ સ્થપાતા નગરજનોમાં રાહતની લાગણી પ્રવર્તી હતી. રોજે રોજ અમદાવાદ તથા અન્ય સ્થળે નોકરી ધંધા માટે અપડાઉન કરતા મુસાફરોએ સમાચાર વગેરે જોઈ પરિસ્થિતિનો તાગ મેળવ્યા બાદ જવા આવવાનું પસંદ કર્યું હતું.

● અમદાવાદ-હરિદ્વાર યોગા એકસપ્રેસ ગાંધીનગર રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નં. ૨ પર ઉભી રખાય છે અને ત્યાંથી જ ઉપડે છે. આ ટ્રેનમાં મુસાફરી કરનારા મોટ ભાગે વરિષ્ઠ નાગરિકો હોય છે. જેમને પ્લેટફોર્મને જોડતો બ્રીજ ચઢીને પ્લેટફોર્મ નં. ૨ પર જવું પડે છે જેથી આ ટ્રેન પ્લેટફોર્મ નં. ૧ પર જ આવે તેવી માંગ પ્રવર્તી રહી છે.

● ગાંધીનગરના પ્રખ્યાત પૂજા પાર્લરના માલિક જયોતિન્દ્રભાઈ વ્યાસ દર વર્ષે તેમના તમામ કર્મચારી અને કારીગર વર્ગને પરિવાર સહિત પ્રવાસ કરાવે છે. આ વર્ષે પણ તેઓએ કારીગરોને તેમના પરિવાર સહિત રાજસ્થાનમાં શ્રીનાથજી ખાતે પ્રવાસ કરાવ્યો હતો. જેમાં તેઓ પોતે પણ પોતાના પરિવાર સાથે જોડાયા હતા.

● લાયન્સ કલબ દ્વારા દર વર્ષે યોજતા પરંપરાગત નવરાત્રી ઉત્સવની આ વર્ષે ઉજવણી નહીં કરાય તેવું સંસ્થાના સભ્યોમાં ચર્ચાઈ રહ્યું છે.

● રક્ષાબંધનના પવિત્ર તહેવારને માત્ર એક જ દિવસ આડો રહ્યો છે ત્યારે રાજયમાં વણસેલી પરિસ્થિતિ ધીમે ધીમે કાબુમાં આવવા લાગતા નગરની બહેનોએ હાશકારો અનુભવ્યો છે.

**- સમીર રામી**
**9924446645**

## દહેગામના કનિપુરના પિતા પુત્રના અંતિમ સંસ્કારમાં મેદની ઉમટી

હરસોલ, તા.૨૭

દહેગામ તાલુકાના કનિપુર ગામના મૂળ રહેવાસી પિતા પુત્રના વસ્ત્રાલ ખાતે પોલીસ ગોળીબારમાં મોત નિપજયા હતાં. પિતા-પુત્રના મૃતદેહને કનિપુર ખાતે અંતિમવિધિ કરાઈ હતી. જેમાં આશરે ત્રણ હજાર જેટલી માનવ મેદની ઉપસ્થિત રહી હતી.

વસ્ત્રાલની કૈલાસધામ સોસાયટી ખાતે રહેતા ગિરીશભાઈ રાવજીભાઈ પટેલ (ઉ.વ.૪૭) અને તેમના પુત્ર સિધ્ધાર્થ ગિરીશભાઈ પટેલ (ઉ.વ.૨૦) તેમનો દૂધનો વેપાર પતાવી હિંડોળાના દર્શનાર્થે જઈ રહ્યા હતા ત્યારે તોફાનીઓને કાબુમાં લેવા કરાયેલા પોલીસ ગોળીબારનો ભોગ બન્યા હતા. બંનને તાત્કાલિક હોસ્પિટલ લઈ જવાયા હતા જયાં તેમને મૃત જાહેર કરાયા હતા. બંનેના મૃતદેહને કનિપુર ખાતે અંતિમ વિધિ માટે લવાયા હતાં. જયાં ૩ હજારથી વધુની મેદનીની ઉપસ્થિતિમાં તેમના અંતિમ સંસ્કાર કરાયા હતાં.

## અવસાન નોંધ

ગાંધીનગર, તા.૨૭

સ્વ. ડાહ્યાભાઈ રાયચંદદાસ સોની, ઉ.વ. ૮૧નું અવસાન તા. ૨૭ ઓગષ્ટના રોજ થયેલ છે. જેમનું બેસણું પ્લોટ નં. ૧૩૭/૨, સેકટર-૬ ખાતે સવારે ૮ થી ૧૧ કલાકે રાખેલ છે.

## લિમ્બચ માતાના મંદિરે મહાઆરતી યોજાશે

ગાંધીનગર, તા.૨૭

પ્રેરણા પ્રગતિ મંડળ દ્વારા સે-૧૩ સ્થિત લિમ્બચ માતાના મંદિર ખાતે આગામી તા. ૨૯મી ઓગષ્ટના રોજ રાત્રે ૯-૦૦ કલાકે મહા આરતીનું આયોજન કરવામાં આવ્યું છે.


મહાઆરતીનો લાભ લેવા નગરજનોને તેમજ ભાવિક ભકતોને ઉપસ્થિત રહેવા અનુરોધ કરેલ છે.

## જીઆઈડીસી એન્જીનીયરીંગ એસોસિએશનના હોદ્દેદારોની વરણી

ગાંધીનગર, તા.૨૭

સે-૮ જીઆઈડીસી એન્જીનીયરીંગ કોમ્પ્લેક્ષ એસો.ની વાર્ષિક સાધારણ સભા યોજવામાં આવી હતી. આ દરમિયાન એસ્ટેટના ઉદ્યોગપતિઓએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી.





જયારે સભા દરમિયાન એસોસિએશનમાં હોદ્દેદારોની પણ નિમણુંક કરવામાં આવી હતી. જેમાં પ્રમુખ તરીકે બાળદેવભાઈ ચૌધરી, ઉપપ્રમુખ તરીકે રમેશચંદ્ર પટેલ, મહામંત્રી તરીકે મનહરભાઈ પટેલ, મંત્રી તરીકે નરસિંહભાઈ પટેલ, ખજાનચી તરીકે કિશોરભાઈ પટેલ, સહ ખજાનચી તરીકે પંકજભાઈ પટેલની વરણી કરવામાં આવી હતી તેમ એસોસિએશનના મહામંત્રી એમ.પી. પટેલે જણાવ્યું હતું.

# જાણીતા કવયિત્રી શ્રીમતી કીર્તિદા બ્રહ્મભટ્ટના છઠ્ઠા બાળકાવ્ય સંગ્રહ 'પાંચીકડાં'નું વિમોચન

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગરના જાણીતા કવયિત્રી શ્રીમતી કીર્તિદા બ્રહ્મભટ્ટના છઠ્ઠા બાળકાવ્ય સંગ્રહ 'પાંચીકડાં'નું ગાંધીનગર કલ્ચરલ ફોરમના અધ્યક્ષ શ્રી કૃષ્ણકાન્તભાઈ જહા એ વિમોચન કર્યુ હતું. ગુજરાતી સાહિત્ય અકાદમી દ્વારા બાળ સાહિત્ય માટે પુરસ્કૃત કવયિત્રી શ્રીમતી કીર્તિદા બ્રહ્મભટ્ટના 'પાંચીકડાં' કાવ્ય સંગ્રહમાં ૫૧ કવિતાઓનો અમૂલ્ય ખજાનો છે.

ગુજરાત સરકારના શિક્ષણ વિભાગમાં અધિક સચિવ તરીકે ફરજ બજાવતા કવયિત્રી શ્રીમતી કીર્તિદાબેન બ્રહ્મભટ્ટના કાવ્યસંગ્રહ 'પાંચીકડાં'નું વિમોચન કરતાં શ્રી કૃષ્ણકાન્તભાઈ જહા એ જણાવ્યું હતું કે, અત્યંત મૃદુ અને સૌમ્ય સ્વભાવના શ્રીમતી કીર્તિદાબેન



બ્રહ્મભટ્ટના શબ્દોમાં ઈશ્વરના વાસનો સાક્ષાત્કાર થાય છે. તેમના બાળકાવ્યોમાં બાળ સહજ વિસ્મય, સ્વપ્નો, કલ્પના, ઈચ્છાઓ અને મધુર ચેષ્ટાઓનું દર્શન થાય છે. તેમના કાવ્યોમાં મૂલ્યોનું સહજ શિક્ષણ પણ છે. કવયિત્રી શ્રીમતી કીર્તિદાબેન બ્રહ્મભટ્ટે પ્રસન્નતા વ્યક્ત કરતાં આભારની લાગણી પ્રદર્શિત કરી હતી.

શ્રીમતી કીર્તિદા વિજય બ્રહ્મભટ્ટના ચાર કાવ્યસંગ્રહ; 'ઝરણું ઝાંઝરિયું', 'ટમકે તારા', 'પર્વતની ટોચે' અને 'તારલિયાની ટોળી' પ્રસિધ્ધ થઈ ચૂક્યા છે. 'ટમકે તારા' વર્ષ ૨૦૦૭માં ગુજરાતી સાહિત્ય અકાદમી દ્વારા પુરસ્કૃત કરાયો હતો. જ્યારે 'તારલિયાની ટોળી'ને વર્ષ ૨૦૧૧માં ગુજરાતી સાહિત્ય અકાદમીનો એવૉર્ડ મળ્યો હતો. 'પર્વતની ટોચે' ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા પુરસ્કૃત કરાયો હતો.

'પાંચીકડાં'ના વિમોચન પ્રસંગે ગાંધીનગર સાહિત્ય સભાના ઉપપ્રમુખ શ્રી સુરેશ પ્રા. ભટ્ટ, શ્રી હર્ષદભાઈ બ્રહ્મભટ્ટ, શ્રી રોહિતભાઈ બ્રહ્મભટ્ટ, શ્રી વ્રજલાલ બ્રહ્મભટ્ટ 'મંગલમ્', શ્રી વિજયભાઈ બ્રહ્મભટ્ટ તથા સાહિત્ય રસિકો અને પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા.

## આદર્શ નિવાસી શાળાના વિદ્યાર્થીઓનું ઉત્કૃષ્ટ પ્રદર્શન

સે-૮ સ્થિત આદર્શ નિવાસી શાળાના વિદ્યાર્થીઓએ ઝોન કક્ષાના યુવા મહોત્સવમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી શાળાને ગૌરવ અપાવ્યું છે. શાળાના વિદ્યાર્થીઓએ જુદી જુદી સ્પર્ધામાં ભાગ લીધો હતો. યુવા મહોત્સવમાં હળવું કંઠય સંગીતની સ્પર્ધામાં શ્વેતા શ્રીમાળીએ પ્રથમ સ્થાન, ભજન સ્પર્ધામાં મિતલ ચૌહાણે પ્રથમ સ્થાન, એક પાત્રીય અભિનય સ્પર્ધામાં અરૂણા પરમાર, નિબંધ સ્પર્ધામાં ભાવુ મકવાણાએ દ્વિતીય સ્થાન તેમજ ધો-૧૨ની વિદ્યાર્થીનીઓએ સમુહગીતમાં પ્રથમ સ્થાન મેળવ્યું હતું. શાળાની શિક્ષિકા રંજનાબેન ગુપ્તા અને અમિતાબેને વિદ્યાર્થીનીઓને માર્ગદર્શન પુરું પાડયું હતું અને આચાર્યા કે.એમ. ચૌહાણે વિદ્યાર્થીનીઓને અભિનંદન પાઠવ્યા હતા.

## રાંધેજા વિભાગ યુવા ઉત્સવ લિંબોદ્રા ગામે ખુલ્લો મુકાયો

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર જિલ્લા રમત ગમત કચેરી આયોજીત રાંધેજા વિભાગ યુવા ઉત્સવ શ્રી પી.પી.આર. શાહ હાઈસ્કુલ લિંબોદ્રા ખાતે ધામધૂમ પૂર્વક ખુલ્લો મુકવામાં આવ્યો.

યુવા ઉત્સવના ઉદઘાટન પ્રસંગે ગાંધીનગર સાહિય સભાના મંત્રી અને ગાંધીનગર સમાચારના કટાર લેખક સંજય થોરાતને મુખ્ય આમંત્રીત તરીકે આવકારતાં આચાર્ય તેજસિંહ પરમારે એમનું શાબ્દીક સ્વાગત કરી આવનારી



નેકસ્ટ જનરેશનને સર્વાંગી વિકાસ માટેનું પ્રેરણાબળ પુરું પાડયું હતું.

રાંધેજા વિભાગ યુવા ઉત્સવના પ્રમુખ રામજીભાઈ પટેલ અને મંત્રી શૈલેષભાઈ પટેલ દ્વારા સંજય થોરાતનું શાલ ઓઢાડી સ્વાગત કરાયું. સાહિત્ય, સાંસ્કૃતિક અને સર્જનાત્મક પ્રવૃત્તિઓને વેગ આપવાના આ કાર્યક્રમને ખુલ્લો મુકતાં સંજય થોરાતે બાળકોને પ્રોત્સાહન મળે એવી વાતો સાથે સ્વ. રાષ્ટ્રપતિ અને વૈજ્ઞાનિક અબ્દુલ કલામની વાર્તા કહી હતી.

ગાંધીનગર જિલ્લાની ગ્રામ્ય વિસ્તારની પ્રથમ સ્માર્ટ બોર્ડ ધરાવતી આ શાળા લિંબોદ્રા સેવા સમાજ દ્વારા સંચાલીત છે. એના પ્રમુખ નરેશ પી. શાહ-આરોગ્ય, શૈક્ષણિક અને સામાજીક પ્રવૃત્તિએ ઉદાર હાથે મદદ કરતાં હોય છે.

૪૬૧ વિદ્યાર્થીઓની હાજરીમાં વકતૃત્વ નિબંધ, લોકવાર્તા અને સાહિત્ય, લોકગીત, ભજન, લોકવાદ્ય, લગ્નગીત જેવાં સાંસ્કૃતિક અને ચિત્ર, ક્રાફટ, વેસ્ટ ઈન ટુ બેસ્ટ સાથે સર્જનાત્મક પ્રવૃત્તિઓમાં ભાગ લેવા પેથાપુર, રાંધેજા, રૂપાલ, કોલવડા, આદરજ, ઉનાવા, બાલવા, આમજા, વાસણ જેવા ગામોથી સ્પર્ધકો આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સફળ આયોજન અને સંચાલન વ્યાયામ શિક્ષક વિશાલ થોરાતે કર્યું હતું. ગ્રામ્ય વિસ્તારમાં યોજાતો આ યુવા ઉત્સવ વિદ્યાર્થીઓમાં લોકપ્રિય બન્યો છે.

# પોલીસની ઘરમાં ઘુસીને મારવાની કાર્ય પધ્ધતિ દરેક શહેરોમાં એક જ રહેતા અનેક શંકાઓ

## કોઈ અધિકારીની પટેલો વિરૂધ્ધની માનસિકતા જવાબદાર હોવાની ચર્ચા, ચોકકસ ગેમ પ્લાનની સેવાતી આશંકા

ગાંધીનગર, તા.૨૭

પાટીદાર અનામત માંગની નાના પાયે થયેલી શરૂઆતે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું છે. વળી મહારેલી બાદ વણસેલી સ્થિતિએ અનેક સમીકરણો પેદા કરી દીધા છે. જેમાં પોલીસ દ્વારા ઘરમાં ઘુસીને જ મારવાની કાર્યપધ્ધતિ દરેક શહેરોમાં એક જ પ્રકારની રહેતા તેનો દોરી સંચાર પણ એક જ જગ્યાએથી થતો હોવાની શંકાઓ ઉભી થઈ છે. હાલ ચૌરે અને ચૌટે પોલીસની ક્રુરતા અંગેના વિશ્લેષણો થઈ રહ્યા છે જેમાં પાટીદારો વિરૂધ્ધની માનસિકતા તેમજ પટેલ મંત્રીઓ વિરૂધ્ધ આક્રોશ ઉભો કરવાનો મનસુબો હોવાની શકયતાઓ પર પણ ભાર મુકાયો છે. જો કે આ કોઈ અધિકારીએ જ ષડયંત્ર રચ્યું હોવાની દૃઢ શંકા પાટીદારો વ્યકત કરી રહ્યા છે.

લોકશાહીમાં દરેકને પોતાનો હક્ક માંગવાનો અધિકાર હોય છે જેને આગળ ધરી પાટીદારોએ અનામતની માંગનું રણશિંગુ ફુંકયું છે. અનામતની માંગ આગની જેમ પ્રસરીને સર્વત્ર અસરકર્તા બની છે જે મહારેલી બાદ થયેલા પોલીસ દમનના પ્રત્યાઘાતો ઉપરથી લાગી રહ્યુ છે. પરંતુ શિસ્તબધ્ધ માંગમાં પલીતો ચાંપીને કોઈ પોતાનો મનસુબો પુરો પાડી રહ્યું હોય તેવું પ્રજાનું વિશ્લેષણ આવ્યું છે. જે પ્રકારે પોલીસે જ્ઞાતિ પુછીને ઘરમાં ઘુસીને મારવાની પધ્ધતિ અપનાવી અને તે પણ રાજયભરના દરેક પોલીસે પણ તેનું અનુકરણ કર્યું તે સૌ કોઈને વિચારતા કરી દે તેવી વાત છે. જેથી રાજયભરમાં એક જ પ્રકારની કાર્યવાહી કરવાનો આદેશ તો કોઈ મોટા અધિકારી કે લગત વિભાગના નેતા જ કરી શકે તેવું પાટીદારો માની રહ્યા છે.



અંગત જાતિય વેર વાળવાની ભાવનાથી પ્રેરાઈને થયું હોય તેવું પ્રથમ દૃષ્ટિએ પોલીસની કાર્વયાહી ઉપરથી પ્રજાજનોને લાગી રહ્યું છે અથવા તો રાજકીય સમીકરણોમાં સત્તાના મોહમાં આવો આદેશ થયો હોય તે પણ બની શકવાની શંકા સેવાય છે. તો બીજી તરફ પટેલ મંત્રીઓને તેમનો જ સમાજ નફરત કરે તેવો ચક્ર વ્યુહ ગોઠવીને પ્રીપ્લાન ષડયંત્ર રચાયું હોય તેવી શકયતાઓ પણ પાટીદારો વ્યકત કરી રહ્યા છે. રાજયમાં ધીમે ધીમે શાંતિ સ્થપાઈ રહી છે ત્યારે બનેલી આ ઘટનાના વિશ્લેષણો પટેલ સમાજ અને બુદ્ધીજવી વર્ગ કરી રહ્યો છે. તેમજ પાટીદાર સમાજનું યુવા ધન રાજકીય આટાપાટા કે કોઈ અધિકારીની વિકૃત માનસિકતા નો ભોગ ન બને તે માટે આ સમગ્ર ઘટનાનું ઊંડાણ પૂર્વક મનોમંથન થઈ રહ્યું છે. જો કે રાજયના મંત્રીમંડળમાંના પટેલ મંત્રીઓએ પણ ગંભીરતાપૂર્વક સમગ્ર ઘટનાક્રમને લીધો છે અને પાટીદાર યુવાનો ફરીથી આ રીતે કોઈના દોરી સંચાર થકી તકલીફમાં ન આવે તે તરફ પ્રયાસ શરૂ કર્યા છે.

## ચિરવિદાય

- સ્વ. ડાહ્યાભાઈ રાયચંદદાસ સોની, ઉ.વ.૮૧
- સ્વ. ચાવડા રજુજી બાદરજી, ઉ.વ.૫૫
- સ્વ. રસિકભાઈ કરશનભાઈ પરમાર, ઉ.વ.૪૩
- સ્વ. ભગવાનભાઈ શિવરામ પ્રજાપતિ, ઉ.વ.૭૦